ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

**ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૩૨/૨૦૨૬** **તા. ૨૪૦૭/૨૦૨૬**

**વિષય:- શિષ્યવૃતિ અને એડમિશન માટે રજુ કરવાના સોગંદનામાં મામલતદાર કચેરીએ જ કરવાના રાખવામાં આવતા આગ્રહ બાબત.**

**સંદર્ભ:- મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, જુનાગઢનાં પત્ર ક્રામંક નં./એટીવીટી/સોગંદનામાં/૧૮૭/૨૦૨૬ તા. ૧૮/૦૭/૨૦૨૬ અન્વયે**

## પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકારની કોલેજ/સસ્થાઓમાં અભ્યાસને લગતા એડમિશન અને શિષ્યવૃતિ માટે અમુક કોલેજ/સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને માત્ર મામલતદાર કચેરીએ કરવામાં આવેલ સોગંદનામું કરાવીને જ અરજી સાથે રજુ કરવાનો આગ્રહ રાખવામાં આવતો હોવાનું માલુમ પડેલ છે. જેના કારણે જે ગામ કે તેની આસપાસના ગામમાં નોટરીની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં વિદ્યાર્થીઓ/વાલીઓને તાલુકા મથક સુધી જવું પડતું હોઈ છે અને બિનજરૂરી હાલાકી ભોગવવી પડે છે.

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે **નોટરીઝ એક્ટ-૧૯૫૨ ની કલમ -૮ થી નોટરીને પણ સોગંદનામાં એફર્મ (સાઈન) કરવાની સત્તા આપવામાં આવેલ છે.** જેથી નોટરીને સોગંદનામાં સહી કરવાના અધિકાર હોય અને તે દરેક સરકારી કામમાં માન્ય હોય છે. તેથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સસ્થાઓએ માત્ર મામલતદાર કચેરીએ કરવામાં આવેલ હોય તે સોગંદનામું ચલાવવામાં આવશે તેવો બિનજરૂરી આગ્રહ ન રાખવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.

૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

Letter No: JMOR/0076/07/2026 Approved Date: 18-07-2026 01:50


# મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, જૂનાગઢ ગ્રામ્ય

તાલુકા સેવા સદન,પહેલો માળ, સરદાર બાગ,જૂનાગઢ

email : mam-junagadh@gujarat.gov.in

ફોન નં.૦૨૮૫-૨૬૩૧૭૧૫


સત્યમેવ જયતે
Government of Gujarat

ન /એટીવીટી/સોગંદનામા /૧૮૭/૭/૨૦૨૬ તા.૧૮/૭/૨૦૨૬

૨૭.૭.૨૬

પ્રતિ,

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ

૨. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ

૩. રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય, ખડીયા, જૂનાગઢ

૪. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ

૫. આચાર્યશ્રી, કેન્દ્રીય વિદ્યાલય, જૂનાગઢ

૬. આચાર્યશ્રી, જવાહર નવોદય વિદ્યાલય, જૂનાગઢ

| | |
|---|---|
| વિષયઃ | એડમિશન અને શિષ્યવૃતિ માટે રજૂ કરવાના સોગંદનામા મામલતદાર કચેરીએ જ કરવાના રાખવામાં આવતા આગ્રહ બાબત. |

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજય સરકારની શાળા/કોલેજ તથા અન્ય અભ્યાસને લગતા એડ્મિશન અને શિષ્યવૃતિઓ માટે અમુક શાળા/કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને માત્ર મામલતદાર કચેરીએ કરવામાં આવેલ સોગંદનામું કરાવીને જ અરજી સાથે રજૂ કરવાનો આગ્રહ રાખવામાં આવતો હોવાનું અરજદારની પુછપરછમાં માલુમ પડેલ છે. જેના કારણે જે ગામ કે તેની આસપાસના ગામમાં નોટરીની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં વિદ્યાર્થીઓ/વાલીઓને તાલુકા મથક સુધી આવવું પડે છે અને બિનજરૂરી હાલાકી ભોગવવી પડે છે.

આ બાબતે જણાવવાનું કે, <u>નોટરીઝ એક્ટ-૧૯૫૨ ની કલમ-૮ થી નોટરીને પણ સોગંદનામા એફર્મ(સાઇન) કરવાની સત્તા આપવામાં આવેલ છે.</u> જેથી નોટરીને સોગંદનામા સહી કરવાના અધિકાર હોય અને તે દરેક સરકારી કામમાં માન્ય હોય જે કાયદાકીય હકીકત આપના તાબાની કચેરી/શાળાના ધ્યાને મૂકવા અને માત્ર મામલતદાર કચેરીએ કરવામાં આવેલ હોય તે સોગંદનામું ચલાવવામાં આવશે તેવો બિનજરૂરી આગ્રહ ન રાખવામાં આવે તે મુજબ આપસાહેબની કક્ષાએથી સંબંધિતોને યોગ્ય સુચના/તાકીદ અપાઇ જવા નમ્ર વિનંતી.

(વી.પી.પુરોહિત)
મામલતદાર
જૂનાગઢ ગ્રામ્ય

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

૧. કલેકટર સાહેબ, એડીએમ શાખા, જૂનાગઢ

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જૂનાગઢ

Scholarship Cell
Inward No. 019
Date: 24/7/26

File No: JMOR/P/e-file/73/2026/0529/ATVT
Approved By: Mamlatdar,E-DHARA,JMOR
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



GENERAL REGISTER
Inward No. 2378
Date 24/7/26